**Bachelor of Arts (B.A.) Part-I First Semester Examination**

**GUJARATI (Literature)**

**(Optional)**

Time : Three Hours] [Maximum Marks : 80

૧. કોઈપણ **એક** વિષય પર નિબંધ લખો :- 15

(૧) જો મને ભગવાન મળે તો....

(૨) જો પરીક્ષાઓ ન હોય તો....

(૩) એક ઘાયલ સૈનિકની આત્મકથા

(૪) વૃક્ષની આત્મકથા....

૨. (અ) 'કાકાની શશી'ને આધારે ક.મા. મુન્શી નાટ્યકાર તરીકે પરિચય કરાવો. 10

(બ) આખ્યાન કાવ્ય તરીકે 'સુદામાચરિત'નું મૂલ્યાંકન કરો. 10

૩. (અ) ટૂંકનોંધ લખો (કોઈપણ **બે**) :- 10

(૧) કાકાની શશીમાં સંઘર્ષ

(૨) કાકાની શશીનું ગમતું પાત્ર

(૩) સુદામાનું પાત્ર

(૪) કડવાનું બંધારણ

(બ) ગદ્યખંડનું સાર લખો :- 5

માણસમાં જ્યારે મોટપ આવે છે, ત્યારે મોટપના લાગતાં દૂષણો પણ આપે છે. તેનું પહેલું દૂષણ એ છે કે અફલાતૂનપણું કેળવી લે છે. બધાની સાથે રહેવા છતાં ભારેખમ રહે છે. ભારમાં રહે તો જ પોતાનું મોટાપણું સચવાય એમ માને છે. પરંતુ જો નાના થઈને રહેવાનું મોટા શીખે તો મોટાપણું ટકે અને આનંદ પણ રહે. નાનાઓ સાથે એકરૂપ થઈને રહે તો બધા પોતાના પણ લાગે જો અતડો રહ્યો તો તે એકલો પડી જાય છે. માણસ જેટલે અંશે ઉઘાડો થાય તે તેટલે અંશે નમ્ર બને છે, નિખાલસ બને છે. મોટા થવું સહેલી વાત છે પણ મોટપ નિભાવવી અઘરી છે. મોટપ તે જ નિભાવી શકે જે નાનામાં નાનો થઈને રહી શકે. એટલા માટે જ આપણે ત્યાં બાલસ્થરૂપની ઉપાસનાની જરૂર છે. આંબો ફળથી લચી પડતો જાય તેમ તેમ તે નીચો થતો જાય છે. તમારામાં રસ વધે, મોટપ વધે, તેમ નાના બની જાવ, લઘુ બની જાવ, સૂક્ષ્મ બની જાવ. જેમ જેમ તમે સૂક્ષ્મ બનશો તેમ તેમ તમારી વ્યાપકતા વધશે. આ રહસ્ય સમજ્યા જેવું છે. જે મોટા લોકોએ મોટપને જીરવી જાણી તે મોટા રહ્યા. પણ મોટપને ના જીરવી શક્યા તે પડી ગયા છે. તેમ મોટા બનો છો ત્યારે વસ્તુ પ્રાજ્ઞ થાય છે, પણ એ વસ્તુ ટકાવવા માટે નાના બનવું પડે છે.

(ક) ટૂંકમાં જવાબ લખો :- 10

(૧) કાકાની શશીના લેખકનું નામ લખો.
(૨) કાકાની શશીમાં પ્રત્યેક સ્ત્રીના ધમપછાડા પાછળ શું છુપાએલું છે ?
(૩) કાકાની શશીના આંતમાં શું થાય છે ?
(૪) કાકાની શશીમાં કઈ વિચારધારા છે ?
(૫) ક.મા. મુન્શીનું પૂરૂ નામ લખો.
(૬) સુદામાચરિતના લેખકનું નામ લખો.
(૭) 'ફલશ્રુતિ' એટલે શું ?
(૮) 'સુદામાચરિતનું કયું પાત્ર ગમ્યું ? કેમ ?
(૯) 'સુદામાચરિત'ના મંગલાચરણમાં કોની વંદના કરી છે ?
(૧૦) પ્રેમાનંદ આપણા સાહિત્યમાં કઈ રીતે ઓળખાય છે ?

૪. (૧) ગદ્યખંડનો અનુવાદ ગુજરાતીમાં કરો :- 10

Now remember that you are the children of free India. After some time you will finish your education. You will be grown-up and you will have to face great tasks. You will be the leaders of this great country. Many difficult problems will come before you. How will you tackle them ? Always try to do better than what we have done. We have yet to make India a great country- great not in size but in the real sense of the world.

(૨) અપાઠિત ગદ્યખંડમાંથી પ્રશ્નો બનાવો (કોઈપણ **પાંચ**) :- 5

બધા ધર્મો ઈશ્વરદત્ત છે. પણ તે મનુષ્યકલ્પિત હોવાથી, મનુષ્ય તેનો પ્રચાર કરતો હોવાથી તે અપૂર્ણ છે. ઈશ્વરદત્ત ધર્મઅગમ્ય છે. તેને ભાષામાં મનુષ્ય મૂકે છે તેનો અર્થ પણ મનુષ્ય કરે છે. કોનો અર્થ સાચો છે ? સહ પોતપોતાની દૃષ્ટિએ, જ્યાં લગી એ દૃષ્ટિ વર્તે ત્યાં લગી, સાચા પણ સહુ ખોટા હોવાનો અસંભવ નથી તેથી જ આપણે બધા ધર્મ પ્રત્યે સમભાવ રાખીએ. આમાં પોતાના ધર્મ પ્રત્યે ઉદાસીનતા નથી આવતી. પણ પોતાનો ધર્મ પ્રત્યેનો પ્રેમ આંધળો મટી જ્ઞાનમય થાય છે, તેથી વધારે સાત્વિક, નિર્મળ બને છે. બધા ધર્મ પ્રત્યે સમભાવ આવે તો જ આપણાં દિવ્ય ચક્ષુ ખૂલે. ધર્માન્ધતા ને દિવ્ય દર્શન વચ્ચે ઉત્તર-દક્ષિણ જેટલું અંતર છે. ધર્મજ્ઞાન થતાં અંતરાયો ઊઠી જાય છે. અને સમભાવ પેદા થાય છે. આ સમભાવ કેળવતાં આપણે આપણા ધર્મને વધારે ઓળખવાના.

૫. યોગ્ય વિકલ્પ ચૂંટી સાચો જવાબ લખો :- 5

(૧) કાકાની શશીમાં છેલ્લે શશી બને છે.
(૧) મામી (૨) ફોયબા (૩) કાકી
(૨) કાકાની શશીમાં કાકાનું નામ છે.....
(૧) શિવલાલભાઈ (૨) મનહરકાકા (૩) નાનાલાલ.
(૩) ''સુદામાચરિત'માં મૈત્રી બતાવી છે.
(૧) જીવ અને શિવની (૨) કૃષ્ણ અને સુદામાની (૩) રાધા અને ગોપીની
(૪) પ્રેમાનંદ છે.....
(૧) હાસ્યલેખક (૨) નવલકથાકાર (૩) આખ્યાન શિરોમણિ
(૫) પ્રેમાનંદના પાત્રોમાં જોવા મળે છે...
(૧) સામાજીકકરણ (૨) નાગરીકરણ (૩) ગુજરાતીકરણ



835